

**પ્રેસ-નોટ** **તા.૨૨/૧૨/૨૦૨૩.**

**ખાંભા પોલીસ સ્ટેશન વિસ્તારના લાસા ગામેથી એરંડાની આડમાં વાવેતર કરેલ ગેરકાયેસર માદક પદાર્થ વનસ્પતિજન્ય ભેજ યુક્ત ગાંજો તથા નાના-મોટા લીલા ગાંજાના છોડ નંગ-૧૦૪ જે માદક પદાર્થ નું વજન ૪ કિલો ૧૮૫ ગ્રામ તથા અન્ય મુદ્દામાલ મળી કુલ કિ.રૂા.૪૨,૩૫૦/-ના મુદ્દામાલ સાથે એક આરોપીને ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ.**

**ગુજરાત રાજ્યના અધિક પોલીસ મહાનિદેશકશ્રી સી.આઇ.ડી.ક્રાઇમ અને રેલ્વેઝ ગુજરાત રાજ્ય ગાંધીનગર** દ્વારા રાજ્યમાં ગેરકાયદેસર નાર્કોટીક્સના પદાર્થ કેફી ઔષધો મન:પ્રભાવી દ્રવ્યોના ગેરકાયદેસર વેપાર હેરા-ફેરી વેચાણ અટકાવવા જરૂરી સુચનાઓ આપવામાં આવેલ. જેના ભાગ રૂપે **એ.ટી.એસ.ના** માર્ગદર્શન હેઠળ માદક પદાર્થના ગેરકાયદેસર વેચાણ અને વહન અંગેના કેસો કરવા અને તેવા પદાર્થ શોધી તેનું ગેરકાયદેસર વેચાણ કરતા ઇસમોને ઝડપી પાડવા અને ગુજરાત રાજ્યને નશા મુક્ત કરવા અભિયાન હાથ ધરેલ છે.

જે અનુસંધાને **શ્રી ગૌતમ પરમાર સાહેબ પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ ભાવનગર** નાંઓની જરૂરી સુચનાં અને માર્ગદર્શન હેઠળ **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓએ **એસ.ઓ.જી.પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી આર.ડી.ચૌધરી** તથા **એસ.જી.ઓ.પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી એન.બી.ભટ્ટ** તથા **એસ.ઓ.જી. ટીમને** અમરેલી જીલ્લામાં કેફી પદાર્થોનું ગેરકાયદેસર રીતે વેંચાણ કરતા ઈસમોને ઝડપી પાડી યુવાધનને બરબાદીનાં રસ્તે જતા અટકાવવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય **એસ.ઓ.જી.પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી આર.ડી.ચૌધરી** તથા **એસ.ઓ.જી. ટીમ** ખાંભા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એ.ટી.એસ. ચાર્ટર લગત પેટ્રોલીંગમાં હતા. દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે ખાંભા પોલીસ સ્ટેશન વિસ્તારમાં લાસા ગામે રહેતા લવજીભાઇ કાનજીભાઇ કણસાગરા રહે.લાસા તા.ખાંભા જિ.અમરેલી વાળો પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનમાં તથા ખેતરમાં લીલા ગાંજાના છોડ વાવી તથા કોઈપણ જાતના લાયસન્સ વગર ગેરકાયદેસર સુકો ભેજયુકત માદક પદાર્થનો જથ્થો રાખી વેચાણ કરતો હોવાની ચોક્કસ અને આધારભુત બાતમી હકિકત અન્વયે સદરહું જગ્યાએ રેઈડ કરતા એક ઈસમને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

➡ **પકડાયેલ આરોપી:-**

**લવજીભાઇ કાનજીભાઇ કણસાગરા, ઉ.વ.-૫૮, ધંધો-ખેતી રહે.લાસા તા.ખાંભા જિ.અમરેલી.**

➡ **પકડાયેલ મુદ્દામાલ :-**

મજકુર ઈસમનાં કબ્જા ભોગવટાનાં રહેણાંક મકાનમાં તથા કબ્જા ભોગવટાની વાડી ખેતરમાંથી ગેરકાયદેસર રીતે **માદક પદાર્થ સુકો ભેજ યુક્ત વનસ્પતી જન્ય ગાંજો તથા નાના-મોટા લીલા ગાંજાના છોડ નંગ-૧૦૪ જે વનસ્પતીજન્ય માદક પદાર્થના જથ્થાનું કુલ વજન-૪ કિલો ૧૮૫ ગ્રામ કિ.રૂા.૪૧૮૫૦/- તથા એક કી-પેઈડ મોબાઈલ ફોન ની કિ.રૂા.૫૦૦/- મળી કુલ કિ.રૂા.૪૨૩૫૦/-ના મુદ્દામાલ** સાથે ઝડપી પાડવામાં આવેલ છે અને મજકુર ઈસમને વધુ તપાસ અર્થે ખાંભા પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓની સુચનાં અને માર્ગદર્શન હેઠળ **એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી આર.ડી.ચૌધરી** તથા **એસ.ઓ.જી. પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી એન.બી.ભટ્ટ** તથા **એસ.ઓ.જી. ટીમનાં અના.એ.એસ.આઇ.** તથા **નાજભાઇ પોપટ** તથા **જીતેન્દ્રકુમાર મહેતા** તથા **હેક કોન્સ. ગોબરભાઇ લાપા** તથા **પો.કોન્સ.જીજ્ઞેશભાઇ પોપટાણી** તથા **સ્વાગતભાઇ કુવરીયા** તથા ડ્રા.પો.હેડ કોન્સ.**નિરજભાઇ વાઘેલા** તથા **ક્રિપાલસિંહ ગોહીલ** દ્વારા કરવામાં આવેલ છે.

**ભ્ર પ્રેસ નોટ ૪૦ <u>તા.૨૦/૧૨/૨૦૨૩</u>**

**<u>સોનાના ચાંદીના દાગીના ધોઇ નવા કરી આપવાના બહાને સોનાના દાગીના ઉપરનું સોનું ઓગાળી વજન ઓછો કરી નાખી, છેતરપિંડી અને વિશ્ર્વાસઘાત કરતા બે ઈસમોને કુલ કિં.રૂ.૭૩,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી, અનડીટેકટ ગુનો ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી.</u>**

## ⇨ <u>ગુનાની વિગતઃ-</u>

લીલીબેન માધાભાઇ પોકીયા, ઉ.વ.૬૫, રહે.જસવંતગઢ, ફુલવાડી પ્લોટ, તા.જિ.અમરેલી વાળાના રહેણાંક મકાને બે અજાણ્યા માણસો હેન્ડ વોશના પાઉચ વહેચવાના બહાને આવી, ત્રાંબા તથા ચાંદીના વાસણો ધોઇ આપવાનું કહેતા લીલીબેન વાસણો આપતા તે ધોતા હોય, તે દરમિયાન લીલીબેનને આ અજાણ્યા માસણોએ સોના ચાંદીના દાગીના દોઇને નવા કરી આપવાનું કહી, વિશ્ર્વાસમાં લઇ સોનાની બંગડીઓ આશરે વજન **૨૧** ગ્રામ કિં.રૂ.૧,૦૪,૭૨૮/- ની ધોવા માટે આવતા, અજાણ્યા આવેલ બે માણસોએ બંગડીઓ ધોવાના બહાને સોનાની બંગડીઓનું ઉપરથી સોનુ **૧૫** ગ્રામ કિં.રૂ.૬૦,૦૦૦/- નું ઉતારી લઇ વજન લીલીબેન સાથે છેતરપિંડી અને વિશ્ર્વાસઘાત કરી, નાશી જઇ ગુનો કરેલ હોય, જે અંગે લીલીબેનએ અજાણ્યા બે ઇસમો વિરૂધ્ધ ફરીયાદ જાહેર કરતા **અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૪૨૩૦૬૮૨/ ૨૦૨૩, ઇ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪** મુજબનો ગુનો રજી. કરવામાં આવેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓએ આ પ્રકારના અનડીટેક્ટ ગુનાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અમરેલી એલ.સી.બી.ને માર્ગદર્શન આપેલ હતું.

**અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ. પટેલ** નાઓની રાહબરી હેઠળ એલ.બી.ટીમ દ્વારા અનડીટેક્ટ ગુનાના અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ કરવામાં આવેલ. તેમજ બનાવના સ્થળના આવવા જવાના રોડ ઉપરના સી.સી.ટી.વી. ફુટેજો ચેક કરી, આ ગુનાના ફરિયાદીની પુછપરછ કરી, આરોપીઓના વર્ણન અંગે માહિતી મેળવી, ગુનાના આરોપીઓને પકડી પાડવાના સઘન પ્રયાસો દરમિયાન બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે બે ઇસમોને પકડી પાડી, પકડાયેલ આરોપીઓની સઘન પુછપરછ કરતાં ઉપરોકત અનડીટેક્ટ ગુનો કરેલ હોવાની કબુલાત આપેલ હતી.

## ⇨ <u>પકડાયેલ આરોપીઓની વિગતઃ-</u>

(૧) રવીન્દ્ર મનોજભાઇ યાદવ, ઉ.વ.૨૯, રહે.તુલશીપુર, તા.તુલશીપુર ખરીક, જિ.ભાગલપુર (બિહાર) હાલ રહે. રાજકોટ, ભગવતીપરા, શેરી નંબર ૭, તા.જિ.રાજકોટ.

(૨) મોહમદ જુબેર મોહમદ મકસુદ શેખ, ઉ.વ.૩૪, રહે. તુલશીપુર, તા.તુલશીપુર ખરીક, જિ.ભાગલપુર (બિહાર) હાલ રહે. રાજકોટ, ભગવતીપરા, શેરી નંબર ૭, તા.જિ.રાજકોટ

➩ **કબ્જે કરેલ મુદ્દામાલની વિગતઃ-**

રોકડા રૂ.૮,૦૦૦/- તથા એક સોનાની વીંટી વજન ૩ ગ્રામ કિં.રૂ.૧૫,૦૦૦/- તથા એક યામાહા કંપનીનું એફ.ઝેડ એસ મોડલનું મોટર સાયકલ રજી. નં.જી.જે.૨૩.બી.એન.૫૩૬૯ કિં.રૂ.૫૦,૦૦૦/- મળી **કુલ કિં.રૂ. ૭૩,૦૦૦/- નો મુદ્દામાલ**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **એ.એસ.આઇ. ભગવાનભાઇ ભીલ, ઘનશ્યામભાઇ મકવાણા** તથા હેડ **કોન્સ. મનીષભાઇ જાની, કિશનભાઇ આસોદરીયા, નિકુલસિંહ રાઠોડ, તુષારભાઇ પાંચાણી** તથા **પો.કોન્સ. રાહુલભાઇ ઢાપા** દ્વારા કરવામાં આવેલ છે.

**❖ પ્રેસ નોટ ❖** **તા.૧૮/૧૨/૨૦૨૩**

**રાજુલામાં આવેલ જવેલર્સની દુકાનમાંથી સોનાના દાગીનાની ચોરી કરનાર ઈરાની ગેંગના એક સભ્યને મહારાષ્ટ્ર રાજયના ભુસાવલથી પકડી પાડી, રોકડ રૂ.૧,૫૦,૦૦૦/- રીકવર કરી, ચોરીનો ગુનો ડીટેક્ટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ**

➩ **ગુન્હાની વિગતઃ-**

અમીતભાઇ મહેશભાઇ વાવડીયા, ઉ.વ.૩૮, રહે.રાજુલા, શિક્ષક સોસાયટી, તા.રાજુલા, જિ.અમરેલી વાળાની રાજુલામાં આવેલ ''શ્યામ જવેલર્સ '' નામની સોના ચાંદીના દાગીનાની દુકાનમાં ગઇ તા.૮/૧૦/૨૦૨૩ નાં રોજ બે અજાણ્યા ઇસમો સોના ચાંદીના દાગીના ખરીદવાના બહાને દુકાને આવી, સોનાની વીંટી નંગ – ૪ તથા સોનાના પેન્ડલ સેટ જોડી નંગ – ૬, કુલ વજન ૫૬ ગ્રામ

કુલ કિં.રૂ.૩,૨૬,૦૦૦/- ની અમીતભાઇની નજર ચુકવી ચોરી કરી લઇ જઇ ગુનો કરેલ હોય, જે અંગે અમીતભાઇએ અજાણ્યા આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ આપતા **રાજુલા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૫૦૨૩૦૪૮૦/૨૦૨૩ ઇ.પી.કો. કલમ ૩૮૦, ૧૧૪** મુજબનો ગુન્હો રજી. થયેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓએ આ પ્રકારના અનડીટેક્ટ ગુનાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અમરેલી એલ.સી.બી.ને માર્ગદર્શન આપેલ હતું.

**અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ. પટેલ** નાઓની રાહબરી હેઠળ એલ.બી.ટીમ દ્વારા અનડીટેક્ટ ગુનાઓના અજાણ્યા આરોપીઓ અંગે સઘન તપાસ કરવામાં આવેલ. તેમજ બનાવના સ્થળની આજુબાજુના સી.સી.ટી.વી.ચેક કરવામાં આવેલ. અનડીટેક્ટ ગુનાના આરોપીઓને પકડી પાડવાના સઘન પ્રયાસો દરમિયાન અજાણ્યા આરોપીઓની ઓળખ મેળવી, ઇરાની ગેંગના એક ઇસમને મહારાષ્ટ્ર રાજયના જલગાવ જિલ્લાના ભુસાવળ ખાતેથી પકડી પાડી, સઘન પુછ પરછ દરમિયાન પોતે તથા પોતાનો મિત્ર અબ્બાસ નિયાજઅલી ઇરાની રહે.ભુસાવલ વાળા બન્ને પોતાના વતન ભુસાવલથી રાજુલા આવેલ, અને રાજુલા સોના ચાંદીના દાગીનાની દુકાનમાં સોનાના દાગીના ખરીદવાના બહાને દુકાનદારની નજર ચુકવી સોનાના દાગીનાની ચોરી કરી પોતાના વતન જતા રહેલ હતા. અને આ ચોરી કરેલ દાગીના વહેચી નાખેલ હોવાની હકિકત જણાવી ઉપરોકત ચોરીની કબુલાત આપતા, ચોરીના મુદ્દામાલ પૈકીના દાગીના વહેચી મેળવેલ રોકડ રકમ રીકવર કરી, પકડાયેલ આરોપી તથા રીકવર કરેલ રોકડ આગળની કાર્યવાહી થવા રાજુલા પોલીસ સ્ટેશન સોંપી આપેલ છે.

➪ **<u>પકડાયેલ આરોપીની વિગતઃ-</u>**

**અલીરજા લાલુઅલી, ઉ.વ.૩૨, રહે.ભુસાવલ, વોટર ટેંકની બાજુમાં, જી. જલગાવ (મહારાષ્ટ્ર)**

➪ **<u>પકડવાનો બાકી આરોપીની વિગતઃ-</u>**

**અબ્બાસઅલી નિયાજઅલી ઇરાની, રહે.ભુસાવલ, જી. જલગાવ (મહારાષ્ટ્ર)**

➪ **<u>રીકવર કરેલ મુદ્દામાલની વિગતઃ-</u>**

**રોકડા રૂ.૧,૫૦,૦૦૦/-**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **એ.એસ.આઇ. બહાદુરભાઇ વાળા** તથા **હેડ કોન્સ. લીલેશભાઇ બાબરીયા, તુષારભાઇ પાંચાણી** તથા **પો.કોન્સ. યુવરાજસિંહ વાળા, વિનુભાઇ બારૈયા, હરેશભાઇ કુંવારદાસ** દ્વારા કરવામાં આવેલ છે.

## ❧ પ્રેસ નોટ ❧ તા.૨૩/૧૨/૨૦૨૩

**વંડા પોલીસ સ્ટેશનના પીયાવા ગામે જૈન દેરાસરમાંથી આભુષણોની ચોરી કરનાર ઈસમોને રાજસ્થાનથી કુલ રૂ.૬૧,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી, ઘરફોડ ચોરીનો ગુનો ડીટેક્ટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ**

### ➡ ગુન્હાની વિગતઃ-

ગઈ તા.૧૧/૧૨/૨૦૨૩ ની રાત્રીના સાવરકુંડલા તાલુકાના પીયાવા ગામે આવેલ જૈન દેરાસરમાં કોઈ અજાણ્યા ચોર ઈસમે પ્રવેશ કરી, દેરાસરમાં ભગવાનના આભુષણો જેમાં ધાતુનો મુગટ સોનાના વરખ વાળો કિં.રૂ.૫,૦૦૦/- તથા ધાતુનો હિરાનો હાર કિં.રૂ.3,૦૦૦/- તથા ચાંદીના મુગટ નંગ – ૨ કિં.રૂ.૬,૦૦૦/- તથા ધાતુની મુર્તિ કિં.રૂ.૫,૦૦૦/- તથા એક ચાંદી તથા એક ધાતુના સિધ્ધ ચક્ર કિં.રૂ.૫,૦૦૦/- તથા બે નાની મોટી ધાતુની પાટલી કિં.રૂ.૮,૦૦૦/- તથા એક દાન પેટી જેમા આશરે રૂ.૧૫,૦૦૦/- હોય, જે મળી કુલ કિં.રૂ.૪૭,૦૦૦/- ની મત્તાની ચોરી કરી લઈ જઈ ગુનો કરેલ હોય, જે અંગે વિશાલભાઈ માધવદાસ હરીયાણી, ઉ.વ.૩૧, રહે.પીયાવા, તા.સાવરકુંડલા, જિ.અમરેલી વાળાએ અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ ફરીયાદ જાહેર કરતા **વંડા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૬૧૨૩૦૧૩૬/ ૨૦૨૩, ઈ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦** મુજબનો ગુન્હો રજી. થયેલ.

**ભાવનગર રેન્જ આઈ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓએ આ પ્રકારના અનડીટેક્ટ ગુનાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અમરેલી એલ.સી.બી.ને માર્ગદર્શન આપેલ હતું.

**અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.શ્રી એ.એમ. પટેલ** નાઓની રાહબરી હેઠળ એલ.બી.ટીમ દ્વારા અનડીટેક્ટ ગુનાઓના અજાણ્યા આરોપીઓ અંગે સઘન તપાસ કરવામાં આવેલ. તેમજ બનાવના સ્થળની આજુબાજુના સી.સી.ટી.વી.ચેક કરવામાં આવેલ. અનડીટેક્ટ ગુનાના આરોપીઓને પકડી પાડવાના સઘન પ્રયાસો દરમિયાન અજાણ્યા આરોપીઓની તપાસ દરમિયાન મળેલ બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે રાજસ્થાન રાજયના સિરોહી જિલ્લાના પિંડવાડા તાલુકાના મોરસ ગામેથી આરોપીઓને ચોરીમાં ગયેલા આભુષણો સાથે પકડી પાડી, સઘન પુછ પરછ દરમિયાન દેરાસરથી ચોરી કરેલ મેળવેલ આભુષણો પૈકીના ચાંદીના આભુષણો રાજસ્થાન રાજયના સિરોહી જિલ્લાના પિંડવાડા ગામે સોનીને વહેચેલ હોવાનુ જણાવતા હોય, મજકુર બન્ને આરોપીઓને સાથે રાખી સોનીની તપાસ દરમિયાન, ચાંદીના આભુષણો વહેચેલ સોની વેપારીને પકડી પાડી, સોની વેપારીએ ચોરીના આભુષણો હોવાનું જાણવા છતા ચાંદીના આભુષણો ઓગાળી ચાંદીના ઢાળીયા બનાવેલ હોવાની હકિકત જણાય આવતા, મજકુર પાસેથી ચાંદીના ઢાળીયા કબ્જે કરી, ત્રણેય ઈસમોને રાજસ્થાનથી અટક કરી, આરોપીઓ તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા વંડા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### ➡ પકડાયેલ આરોપીઓની વિગતઃ-

(૧) નરેશ ઉર્ફે નકો સિંગારામ સીસોદીયા, ઉ.વ.૨૬, રહે.મોરસ, વારીયા ફળીયુ, તા.પિંડવાડા, જિ.સિરોહી (રાજસ્થાન)
(૨) ઓબારામ રેવતારામ સીસોદીયા, ઉ.વ.૨૭, રહે. મોરસ, મટાવાલી ફળીયુ, તા.પિંડવાડા, જિ.સિરોહી (રાજસ્થાન)
(3) હિતેશ પુખરાજજી સોની, ઉ.વ.૨૮, રહે.ગઢવા કોલોની, પિંડવાડા, તા.પિંડવાડા, જિ.સિરોહી (રાજસ્થાન)

### ➡ રીકવર કરેલ મુદ્દામાલની વિગતઃ-

પંચધાતુની ધર્મચિન્હો વાળી નાની મોટી પાટલીઓ નંગ – **૨** વજન ૩૨૮ ગ્રામ કિં.રૂ.૮,૦૦૦/- તથા એક પંચધાતુનું સિધ્ધ ચક્ર વજન ૩૨૦ ગ્રામ કિં.રૂ.૨,૦૦૦/- તથા એક ધાતુની મુર્તિ વજન ૩૭૩ ગ્રામ કિં.રૂ.૫,૦૦૦/- તથા બે ચાંદીના લંબચોરસ આકારના ઢાળીયાઓ વજન ૫૯૬ ગ્રામ કિં.રૂ.૪૫,૦૦૦/- તથા કિપેડ વાળા મોબાઈલ ફોન નંગ – ૨ કિં.રૂ.૧,૦૦૦/- મળી **કુલ કિં.રૂ. ૬૧,૦૦૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ તથા પો.સ.ઇ.શ્રી એમ.બી.ગોહીલ તથા એ.એસ.આઇ. જિગ્નેશભાઇ અમરેલીયા, યુવરાજસિંહ રાઠોડ, તથા હેડ કોન્સ. આદિત્યભાઇ બાબરીયા, તુષારભાઇ પાંચાણી તથા પો.કોન્સ. યુવરાજસિંહ વાળા, ભાવિનગીરી ગૌસ્વામી દ્વારા કરવામાં આવેલ છે.